# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૦-B  તા.૨૦-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૨૩ મી માર્ચને 'શહીદ દિન' તરીકે ઉજવવા બાબત

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ૨૩મી માર્ચના રોજ ભારતની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર  ક્રાંતિકારી વીર શહીદો ભગતસિંહ, રાજગુરૂ  અને સુખદેવને ફાંસી આપવામાં આવેલ હતી. તેમના આ બલિદાનની યાદમાં ભારતમાં ૨૩ મી માર્ચના રોજ શહીદ દિનની ઉજવણી કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓમાં દેશભાવના, ત્યાગ, બલિદાન, દેશપ્રેમ,દેશદાઝ,વીરતા,સાહસિકતા,નીડરતા, શૌર્ય જેવા વીર ગુણો વિકસે તે હેતુથી આ દિવસે તમામ શાળાઓમાં પ્રાર્થના સભામાં આ વીર શહીદોના જીવન કવન પર ચર્ચા કરી, તે દિવસે વકતૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત સ્પર્ધા, એકપાત્રિય અભિનય, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવું અને પ્રવૃતિઓના ફોટા,વિડીયો કલીપ શાળાકક્ષાએ રાખવા. અત્રેની કચેરીથી મંગાવવામાં ત્યારે મોકલી આપવાના રહેશે.

તા. ૨૦-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી